ભાજપના પ્રદેશ પદાધિકારીઓની જાહેરાત

ઝડફિયા પ્રદેશ ઉપપ્રમુખ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે કમર કસતું ભાજપ : પ્રદેશ પ્રમુખ પાટીલે જૂની ટીમના ૯૦ ટકા હોદ્દેદારોના પત્તા કાપી નાખ્યા, સુરેન્દ્ર પટેલ પ્રદેશ કોષાધ્યક્ષ

અમદાવાદ, તા. ૭

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના નવા માળખાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગોરધન ઝડફિયાને પ્રદેશ ઉપપ્રમુખ બનાવાયા છે. તો જયંતિ કવાડીયા, મહેન્દ્રસિંહ સરવૈયા, નંદાજી ઠાકોર (પાટણ), કૌશલ્યાકુંવરબા પરમાર, જનક બગદાણાવાળાને પ્રદેશ ઉપપ્રમુખ બનાવાયા છે. જ્યારે ભીખુભાઈ દલસાણીયાને પ્રદેશ મહામંત્રી (સંગઠન) બનાવાયા છે. ભાર્ગવ ભટ્ટ, રજની પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, વિનોદ ચાવડાને પ્રદેશ મહામંત્રી બનાવાયા છે.

પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ દ્વારા આજ રોજ સંગઠનના પ્રદેશ હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. નવા સંગઠનના માળખામાંથી શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને કે.સી.પટેલની બાદબાકી કરવામાં આવી છે. જ્યારે મહેશ કસવાલા, રઘુ હુંબલ, પંકજ ચૌધરી, શિતલ સોની, ઝવેરી ઠક્કર, નૌકા પ્રજાપતિ, જ્હાનવી વ્યાસ, કૈલાશ પરમારને પ્રદેશ મંત્રી બનાવાયા છે. તેમજ સુરેન્દ્ર પટેલને પ્રદેશ કોષાધ્યક્ષ જ્યારે ધર્મેન્દ્ર શાહને પ્રદેશ સહ કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

સંગઠનના નવા માળખામાં પ્રમુખ સીઆર પાટીલે મનસુખ માંડવીયા, કે.સી.પટેલ, શબ્દશરણ બ્રહ્મભટ્ટ, ભારતસિંહ પરમારને પડતાં મુક્યા છે. જ્યારે આઈ કે જાડેજા, ભરત પંડ્યાને પણ પડતા મુકવામાં આવ્યા છે. ગોરધન ઝડફિયા પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે રિપીટ કરવામાં આવ્યા છે. ભીખુભાઈ દલસાણીયા સંગઠન મહામંત્રી તરીકે રિપીટ કરાયા છે.

ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે જૂની ટીમમાં ૯૦ % ફેરફાર કર્યો છે. અને પ્રદેશ ટીમમાં ૫ મહિલાઓનો સમાવેશ પણ કર્યો છે. આ ઉપરાંત

કોષાધ્યક્ષ સાથે સહ કોષાધ્યક્ષની પોસ્ટ બનાવવામાં આવી છે.

છેલ્લે... છેલ્લે...

- જેઈઈ એડવાન્સ એક્ઝામ ઉજી જુલાઈએ યોજાશે.
- ગુજરાતમાં મગફળીના ટેકાના ભાવથી ખરીદી માટેના ૧૦૦ વધુ કેન્દ્રો બંધ કરાયા.
- અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં વિક્રમજનક ૨.૬૦ લાખ કોરોનાના કેસ નોંધાયા. ૨૪ કલાકમાં ૪૧૦૦ના મોત થયા.
- મોઢેરા સૂર્યમંદિરના બગીચામાં દસ કાગડાના અચાનક મૃત્યુ થતાં તંત્ર દોડતુ થયુ.
- બીટકોઈન મામલે જામ ખંભાળિયામાં નીશા ગોંડલીયાએ જાતે ફાયરીંગ કરાવ્યાનુ તપાસમાં બહાર આવ્યુ.
- સુરતથી વારાણસી અને પટણાની વિમાની સેવા ૧૨મીથી આરંભાશે.
- અનીલ અંબાણીની ત્રણ કંપનીઓ રીલાયન્સ ટેલીકોમ, રીલાયન્સ કોમ્યુનીકેશન અને રીલાયન્સ ઈન્ફ્રાટેકને એસબીઆઈએ ફ્રોડ શ્રેણીમાં મુકી.
- સાર્વજનિક જગ્યાએ ધુમ્રપાન માટે ૨ હજારનો દંડ કરાશે.
- રામ મંદિર માટે ભાજપના તમામ કાર્યકરો ૧૫મીએ સંઘ કાર્યાલય પર જઈ નીધિ આપશે.
- ભારત આઠ મહિના બાદ ટોપ ટેન સંક્રમિત દેશોની યાદીમાંથી બહાર.
- બીએમસીએ અભિનેતા સોનુ સુદ સામે ફરિયાદ દાખલ કરી.
- અમદાવાદના ચારેય નવા સ્ટ્રેઈનના દર્દીઓ સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- દેશમાં કોરોનાથી ૧ કરોડથી વધુ દર્દીઓ સાજા થઈ ગયા.

રીક્ષામાં મુસાફરને બેસાડી લૂંટી લેતી ગેંગ સક્રીય થતા લોકોમાં ફફડાટ

રીક્ષામાં બેઠેલ યુવકને કેફી પદાર્થ સુઘાડીને ૨૦ હજાર લૂંટી લીધા

મોડાસા, તા. ૭

મોડાસા શહેરમાં રીક્ષામાં મુસાફરને બેસાડી કિંમતી સામાન કે રોકડ રકમની લૂંટ કરતી ગેંગ સક્રીય થતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. ભીલકુવા ગામનો બાબુભાઈ નામનો યુવક મોડાસાની બેંકમાંથી ૨૦ હજાર રૂપિયા ઉપાડી ઘરે જવા વાહનની રાહ જોઈ ચાર રસ્તા પર ઉભો હતો ત્યારે એક મુસાફર રીક્ષા આવતા યુવક રીક્ષામાં બેસી ગયો હતો. રીક્ષામાં બેસેલા બે યુવકોએ યુવકને કોઈ કેફી પદાર્થ સુંઘાડી અર્ધબેભાન કરી દેવાયો હતો અને આ યુવકને રેલ્વે ફાટક નજીક ઝાળીઓમાં લઈ જઈ લૂંટી લેતા ભારે ચકચાર મચી હતી. અર્ધ બેભાન અવસ્થામાં યુવક રેલવે સ્ટેશન પાસે જોવા મળતા મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ બોલાવી યુવાનને સારવાર અર્થે ખસેડી પોલીસને જાણ કરી હતી.

મોડાસા શહેરના ચાર રસ્તાથી રીક્ષામાં બેસેલ યુવકને રીક્ષામાં સવાર અન્ય બે યુવકોએ કોઈ કેફી પદાર્થ સુંઘાડી યુવાનને બેભાન કર્યો હતો અને રેલ્વે ફાટક નજીક ઝાળીઓ પાસે યુવાનને લૂંટી લઈ ઢોર માર માર્યો હતો. જ્યારે આ ઘટનાની જાણ લોકોને થતાં મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ૧૦૮ને પણ સ્થળ ઉપર બોલાવી યુવાનને સારવાર અર્થે ખસેડાયો હતો. આમ શહેરમાં ધોળા દિવસે ચાર રસ્તા ઉપરથી રીક્ષામાં યુવાનનું અપહરણ કરાયાની ચર્ચાઓ ઉઠી હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરાઈ હતી. જેથી પોલીસે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી હતી.

જૂનાગઢમાં દિક્ષાંત પરેડ પૂર્વે એલ.આર.ડી. જવાનો ગરબે ઘૂમ્યા

જૂનાગઢમાં પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં દિક્ષાંત કાર્યક્રમ હતો સામે આવેલા વીડિયોના આધારે તપાસના હુકમો અપાયા

જૂનાગઢ, તા. ૭

જૂનાગઢમાં દિક્ષાંત સમારોહ કાર્યક્રમમાં રાજ્ય સરકારે બનાવેલા કોરોના વાયરસના નિયમો નેવે મૂકાયા હતા. જાણે રાજ્યમાં કોરોના જતો રહ્યો હોય તેમ દિક્ષાંત પરેડ પહેલા એલઆરડી જવાનો ગરબે ઘૂમીને નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા. દિક્ષાંત પરેડ પહેલા એલઆરડી જવાનો ગરબે ઘૂમતા કાયદાના રખેવાળો એજ કાયદો તોડ્યો હતો.

જૂનાગઢમાં દિક્ષાંત સમારોહ કાર્યક્રમમાં એલઆરડી જવાનો માસ્ક પહેર્યા વગર ગરબા રમ્યા હતા, અહીં સોશિયલ ડિસ્ટન્સના પણ ધજાગરા ઉડાવ્યા હતા. તમને જણાવીએ કે જૂનાગઢમાં પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં દિક્ષાંત સમારોહ હતો. હવે આ મામલે રાજ્યના એડીજીપી વિકાસ સહાયે ઘટનાની ગંભીર નોંધ લીધી છે. અને વીડિયોના આધારે તપાસના આદેશ આપ્યા છે. અને ચાર દિવસમાં રિપોર્ટ સોંપવા માટે આદેશ પણ કર્યો છે. વિકાસ સહાયે કહ્યું કે, વીડિયો ખુબ જ આઘાતજનક છે. અને ઘટનાને લઈ યોગ્ય પગલાં ભરવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું. અને હાલ વીડિયોની ખરાઈ કરવામાં આવી રહી હોવાનું કહ્યું હતું. આ ઉપરાંત તેઓએ કહ્યું કે, વીડિયોમાં પોલીસ છે કે નહીં તેની પણ તપાસ ચાલી રહી છે.

જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં યોજાયેલા કાર્યક્રમમાં કોરોના ગાઈડલાઈનના લીરેલીરા ઉડયા હતા. પોલીસ તાલીમાર્થીઓ જ ગરબે ઘૂમતા મોટો હોબાળો સામે આવ્યો છે. હાલ સોશિયલ મીડિયામાં વાયરસ થયેલા વીડિયોથી સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. માસ્ક પહેર્યા વગર જ કાયદાનું રક્ષણ કરતા લોકોએ કાયદો તોડીને ગરબે ઘૂમ્યા હતા. દિક્ષાત સમારોહ પહેલા એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ૭ માસથી ટ્રેનિંગ સેન્ટરમાં જ તાલીમાર્થીઓ હતા..

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એલઆરડી જવાનોના આંદોલન વચ્ચે આજે ગાંધીનગર કરાઈ એકેડેમી ખાતે ૪૩૮ જવાનોના દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૪૩૮ જેટલા જવાનો શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના ડીજીપી આશિષ ભાટિયા ગૃહ સચિવ પંકજકુમાર સહિતના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

રાજ્યમા કુલ ૭૮૦૦ લોકરક્ષક દળની આજે દિક્ષાંત સમારોહ યોજાયો હતો. જે દીક્ષાંત સમારોહ દરમિયાન રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ નવા પોલીસ જવાનોને દીક્ષાંત સમારોહમાં ખાસ શિખામણ આપી હતી. જાડેજાએ શિખામણ આપતાં જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાનાં જમાનામાં લોકોના હાથમાં મોબાઈલ હોય છે. લોકો પોલીસની કામગીરીનું આંકલન કરતા હોય છે. તેથી તમારે લોકોનું વિચારીને પણ પોતાની ફરજ નિભાવવી પડશે જ્યારે ગુજરાત પોલીસ અને તમારા પરિવારને ગૌરવ થાય તેવું કામ કરવાનું છે આ ઉપરાંત વર્તમાન સમયમાં હવે પોલીસ નહીં પરંતુ સ્માર્ટ પોલીસ ની જરૂર છે તે દિશામાં પણ આગળ વધવું પડશે.

અરવલ્લી મહિલા હેલ્પલાઈન મહિલાઓ માટે આશીર્વાદરૂપ

કોરોના મહામારીમાં પણ ઘરેલુ હિંસાના ૬૫૬ સહિત હેરાનગતિ થયેલ ૨૨૦ પીડિતાની મદદે

કોવિડ-૧૯ના સમયગાળા દરમિયાન પણ ઘરેલુ હિંસાના કેસમાં વધારો જોવા મળ્યો હતો. લોકડાઉનનાં સમયમાં પણ અભયમ ટીમ દ્વારા ૨૪ કલાક પોતાના જાનના જોખમ સાથે કોવિડ પ્રોટોકોલ સાથે પીડિત મહિલાઓને મદદ પુરી પાડીને ઉમદા કામગીરી પુરી પાડેલ છે, જે મહિલાઓને સુરક્ષાનું વચન આપતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર આવતા દરેક ફોનમાં ક્યાંક ક્યાંક એની તકલીફ છુપાયેલી હોય છે.

કોઈપણ પીડિત મહિલા સાથે થતી જાતીય હિંસા, માનસિક, આર્થિક, શારીરિક કાર્યના સ્થળે થતી જાતીય સતામણી છે. લગ્નજીવનમાં થતો વિખવાદ છે. સોશિયલ મીડિયાના માધ્યમથી થતી હેરાનગતિ, છેડતી, રેપ કેસ એવી બધી જ પરેશાનીઓમાં એ અભયમ હેલ્પલાઈન મદદ કરવા માટે ૨૪ કલાક તૈયાર રહે છે.

આ હેલ્પલાઈન માત્ર હેલ્પલાઈન જ નથી પરંતુ એક સ્ત્રીને બીજી સ્ત્રી સાથે મળતો સહકાર છે. જેમાં અરવલ્લી ૧૮૧ અભયમ ને વર્ષ ૨૦૨૦ દરમિયાન ઘરેલુ હિંસાના ૬૫૬ તેમજ પાડોશી ઝઘડો-છેડતી-ચાઈલ્ડ મેરેજ જેવી અનેક હેરાન પરેશાનીના ૨૨૦ કૉલ મળેલા.

આ સાથે વર્ષ ૨૦૧૫ થઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૪૭૦૩ પીડિત ટીમ દ્વારા સ્થળ પર પહોંચીને મદદ પુરી પાડવામાં આવેલ છે.

કોવિડ-૧૯ના સમયગાળા દરમિયાન પણ ઘરેલુ હિંસાના કેસમાં વધારો જોવા મળ્યો હતો. લોકડાઉનનાં સમયમાં પણ અભયમ ટીમ દ્વારા ૨૪ કલાક પોતાના જાનના જોખમ સાથે કોવિડ પ્રોટોકોલ સાથે પીડિત મહિલાઓને મદદ પુરી પાડીને ઉમદા કામગીરી પુરી પાડેલ છે જે ખરેખર મહિલા સશક્તિકરણ નું એક શ્રેષ્ઠ ઉદાહરણ સાબિત થાય છે.

ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજનું ગૌરવ

અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે આવેલ એપલ ત્રિલોકીનાથ મંદિર ટ્રસ્ટની તાજેતરમાં જનરલ બેઠક યોજાઈ હતી જેમાં પ્રમુખ તરીકે હિંમતનગરના જાણીતા વેપારી અને સમાજના અગ્રણી એવા પ્રફુલભાઈ કાંથાવાલાની પ્રમુખ તરીકે ઉપરાંત ઉપપ્રમુખ તરીકે પ્રમોદભાઈ એસ. પંડ્યા, મંત્રી તરીકે જગદીશભાઈ બી. જોષી, સહમંત્રી તરીકે પ્રજ્ઞેશભાઈ એમ. ત્રિવેદી, ખજાનચી તરીકે મુકેશભાઈ પી. ત્રિવેદી અને સહ ખજાનચી તરીકે રસિકભાઈ જોશીની વર્ષ-૨૦૨૧ થી વર્ષ-૨૦૨૫ સુધી સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓ ઉત્તરોત્તર ત્રિલોકીનાથ મંદિરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે તેવી શુભેચ્છા.

હિંમતનગર નાગરિક બેંકની ૧૩ બેઠકો માટે ૪૦ ઉમેદવારી પત્રો ભરાયા

ટેકનિકલ ક્ષતિને કારણે સામાન્ય વિભાગમાં એક ઉમેદવારી પત્ર રદ થયુ : આજે ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે

હિંમતનગર, તા.૭

હિંમતનગર નાગરિક બેંકની ચૂંટણીમાં ગુરૂવારે ઉમેદવારી પત્રો ભરવાની આખરી મુદત પૂર્ણ થયા બાદ ૧૩ બેઠકો માટે કુલ ૪૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

જેની ચકારણી કરાયા બાદ સામાન?ય વિભાગમાં એક ઉમેદવારનું ઉમેદવારી પત્ર ટેકનિકલ ક્ષતિને કારણે રદ થતા હવે માન્ય ઉમેદવારી પત્રોની સંખ્યા ૪૭ થઈ છે. જોકે શુક્રવારે ઉમેદવારી પત્રો પરત ખેંચાયા બાદ આખરી ચિત્ર સ્પષ્ટ થશે. અને તે પછી ઉમેદવારો એકબીજા સાથે સમજુતી કરીને પેનલ બનાવવાનું વિચારશે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરમાં વેપારીઓની બેંક તરીકે ઓળખાતી નાગરિક બેંકની બોડ ઓફ ડીરેક્ટર્સની ૧૩ બેઠકો માટેની ચૂંટણી આગામી તા.૧૭ જાન્યુઆરીએ યોજાવા માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ હતું. જેના ભાગરૂપે ગુરૂવાર તા. ૪ જાન્યુઆરીએ ઉમેદવારી પત્રો ભરવાની આખરી મુદત પૂર્ણ થયા બાદ કુલ ૪૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા. ત્યારબાદ ભરાયેલા ઉમેદવારી પત્રોની ચૂંટણી અધિકારીની હાજરીમાં ચકાસણી કરાઈ હતી.

ચકાસણી દરમિયાન સામાન?ય વિભાગમાં એક ઉમેદવારનું ઉમેદવારી પત્ર ટેકનિકલ કારણોસર અમાન્ય ઠર્યું હતું. અને હવે ત્રણેય વિભાગમાં મળી કુલ માન્ય ઉમેદવારી પત્રોની સંખ્યા ૪૪ થવા જાય છે. જે પૈકી સામાન્ય વિભાગમાં ૩૧, મહિલા વિભાગમાં ૮ અને અનુસુચિત જાતિ વિભાગમાં પણ ૮ ઉમેદવારી પત્રો માન્ય ઠયા છે. જોકે શુક્રવારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની મુદત હોવાથી સાંજે ચાર વાગ્યા પછી ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ થશે. જોકે કેટલાક ઉમેદવારો અન્ય ઉમેદવારી પત્ર ભરનાર ઉમેદવારોને તેમની ઉમેદવારી પરત ખેંચી લેવા માટે દબાણ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે શુક્રવારે ઉમેદવારોની માન્ય યાદી પ્રસિધ્ધ થયા બાદ કેટલાક ઉમેદવારો પેનલ બનાવીને મતદારો પાસે મત માગવા માટે રૂબરૂ અથવા તો સોશ્યલ મિડિયાના માધ્યમથી સંપર્ક કરવામાં લાગી જશે.

આંદોલનની રાહે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીયુવીએનએલ સામે આંદોલનાત્મક પગલા ભરી વિરોધ સાથે એરિયર્સ સહીતના લાભો ત્વરિત આપવા માટે માંગણી કરશે. જી યુ વી એન એલ તેમજ ઉર્જા વિભાગ દ્વારા ગત ડિસેમ્બરમાં નક્કી કરેલા લાભો ત્વરિત વિજ કર્મચારીઓને મળે તેવી માંગ સાથે રાજયના તમામ વિજકંપનીઓના વિજ કર્મચારીઓ વિરોધ પ્રદર્શિત કરશે. જો આગામી દિવસોમાં તેમની માંગણીને ન્યાય નહીં મળે તો અચોક્કસ મુદતની હડતાલ કરીને લડત વધુ ઉગ્ર બનાવાશે તેમ પણ સમિતિના હોદેદારોએ જણાંવ્યુ છે.

ઈ:ખાતમૂહુર્ત...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોટલનું નિર્માણ કાર્ય સંપન્ન થઈ ચુક્યુ છે. રેલવેમંત્રીએ પણ આ માટે વિઝીટ કરી હતી.

હવે ૧૬મી જાન્યુઆરીએ પ્રધાનમંત્રીના હસ્તે તેનુ લોકાર્પણ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આ ઉપરાંત ૧૮મી જાન્યુઆરીએ અમદાવાદ-ગાંધીનગરને જોડતા મેટ્રોરેલ પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત પ્રધાનમંત્રીના હસ્તે કરવામાં આવશે.

ગત વર્ષે અમદાવાદ-ગાંધીનગરના આ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. સંપૂર્ણ એલીવેટેડ આ પ્રોજેક્ટ ૨૦૨૪ સુધીમાં સંપન્ન કરી કાર્યરત થાય તેવુ આયોજન છે.

મળતા નિર્દેશો મુજબ આ બન્ને પ્રોજેક્ટ ગાંધીનગરની ઓળખનું નવુ નજરાણુ બનશે. આ બન્ને પ્રોજેક્ટ માટે પ્રધાનમંત્રી કાર્યાલયને આમંત્રણ અપાઈ ચુક્યા છે હવે તેની સત્તાવાર ઘોષણાની જ રાહ જોવાઈ રહી છે.

૨૦-૨૧નું વર્ષ ગાંધીનગરના વિકાસ માટેનું યાદગાર વર્ષ બનશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

અબર્ડ ફ્લુ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેમ્પલ કલેકશન તેમજ એવીયનઈન્ફ્લુએન્જા (બર્ડફ્લુ)ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

બર્ડફ્લુ સેમ્પલીંગ પ્રોટોકોલ મુજબ સેમ્પલ વધુ પરીક્ષણ અર્થે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાઈ સિક્યુરીટી એનીમલ ડિસીસ લેબોરેટરી-ભોપાલ (એમ.પી.) ખાતે મોકલવામાં આવતા હોય છે. ગાંધીનગર જિલ્લામાં હાલમાં પક્ષીઓમાં બર્ડફ્લુ અંગે કોઈ રોગચાળો નોંધાયેલ નથી પરંતુ સાવચેતી, સતર્કતા અને સુપરવિઝન રાખવા માટે તમામ પશુચિકિત્સા અધિકારીઓને સુચના આપવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસદ, પોર, વલાદ, પાલજ, પ્રાંતિયા, મગોડી ખાતે દેગામ તાલુકામાં બહિયલ, ધારીસણા, બિલમણા, જલુદ્રા ખાતે કલોલ તાલુકામાં ભિમાસણ, છત્રાલ, વડાવસ્વામી અને માણસા તાલુકામાં રંગપુર તેમજ ઈટાદરા ખાતે મરઘા ફાર્મ આવેલ છે. જેની ઉપરોક્ત મરઘાં ફાર્મ ખાતે સતત અને સઘન મોનીટરીંગ, સુપરવિઝન કરવા જણાવ્યુ છે.

વિશ્વમાં બર્ડફ્લુનો પહેલો કેસ ચીનમાં ૧૯૯૬માં હંસમાં દેખાયો હતો. ગુજરાતમાં ૨૦૧૬માં સુરત જિલ્લામાં બર્ડફ્લુના કેસ નોંધાયા હતા. માનવ બર્ડફ્લુથી સંક્રમિત થયો હોય તેવો પહેલો કેસ હોંગકોંગમાં જોવા મળ્યો હતો. છેલ્લા ૧૭ વર્ષમાં ૮૦૦થી વધુ માનવોમાં બર્ડફ્લુના કેસ જોવા મળ્યા છે જેમાં ૪૦૦થી વધુના મોત થયા છે.

ભંગાણ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી રહ્યા છે. કોર્પોરેશનના અધિકારીઓ કામગીરી શરૂ કર્યા બાદ આમ નાગરિકોને મુશ્કેલી ન પડે તેનો વિચાર કર્યા વગર મનમાની મુજબ કામ કરી રહ્યા હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. નગરના ક માર્ગ પર વાઈડનીંગનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે વાઈડનીંગની કામગીરી દરમિયાન કોર્પોરેશનના કોન્ટ્રાકટરે આડેધડ ખોદકામ કરીને આ રૂટમાં સ્થિત ગટર લાઈનના ૧૫ જેટલા મેઈનહાલ તોડી નાંખ્યા છે. જેના લીધે આ વિસ્તારના રહીશો માટે નવી સમસ્યા ઉભી થઈ છે. આદીવાડા અને સે-૨૮ જી આઈ ડી સીમાં ગટરો ઉભરાતા રહીશો તોબા પોકારી ગયા છે. માત્ર કોર્પોરેશનની બેદરકારીના લીધે આ મોટીમસ સમસ્યા સર્જાઈ છે. જેના લીધે નાગરિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. નગરને સ્માર્ટ સીટી બનાવાની વાતો વચ્ચે અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે નવી સુવિધાઓ નાગરિકો સુધી પહોંચે ત્યારે પરંતુ તંત્રની બેદરકારીના લીધે નાગરિકોએ દુવિધાઓનો સામનો કરવો પડે છે. કોર્પોરેશનના તંત્રએ સ્માર્ટ વિકાસ માટે કામની પધ્ધતિ પણ સ્માર્ટ બનાવવી અનિવાર્ય છે. અત્યાર સુધી કોર્પોરેશનની કામગીરીના લીધે નગરમાં ફુટપાથ અને માર્ગો ઉપર પણ વારંવાર જોખમી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે કોન્ટ્રાકટરની કામગીરી દરમિયાન તંત્રના બાબુઓ સ્થળ પર સુપરવિઝન પણ કરતા નથી જેના લીધે પ્રજાના પૈસે હાથ ધરાતા કરોડોના કામો પણ પ્રજા માટે જ મુસીબતનુ કારણ બને છે.

૧૭ નવા કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. છેલ્લા ૩ દિવસથી શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦ થી નીચે રહેતાં તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો ૪ સેક્ટરોમાંથી જ મળી આવ્યા છે. સે. ૩૦ માંથી ૪ તો સે. ૨૨ માંથી વધુ બે કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૧ અને ૨ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. શહેરમાં હાલ ૧૦૦ જેટલા કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નવ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જે દર્દીઓ હાલ સારવાર હેઠળ છે તેમાં ૮૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

અફરાતફરી...● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે કાયદાકીય કાર્યવાહી કરવાની પ્રક્રિયા પણ શરુ કરી દેવામાં આવી છે.

અત્યારસુધી પોલીસ દ્વારા ૫૨ લોકોની ધરપકડ કરાઈ છે, અને એવું પણ જાણવા મળી રહ્યું છે કે, મૃતકોમાં એક મહિલા પોલીસના ફાયરિંગમાં મોતને ભેટી છે. હાલની સ્થિતિને ધ્યાનમાં રાખતા વોશિંગ્ટનના મેયરે શહેરમાં ૧૫ દિવસની ઈમરજન્સીનું એલાન કરી દીધું છે, જે ૨૧ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે.

સંસદ પર હલ્લાબોલ એવા સમયે કરવામાં આવ્યો હતો જ્યારે સાંસદો સત્તાવાર રુપે જો બિડેનના વિજયની ઘોષણા કરવાની તૈયારી કરી રહ્યા હતા. તે જ સમયે ટ્રમ્પના સમર્થકોએ ભાંગફોડ શરુ કરતાં સુરક્ષાકર્મીઓએ સાંસદોને આર્મી કેમ્પમાં ખસેડ્યા હતા. ટ્રમ્પના વિરોધીઓએ આ ઘટનાને ગૃહ યુદ્ધ શરુ કરવાના પ્રયાસ સમાન ગણાવી છે. દુનિયાભરના નેતાઓએ પણ તેની આકરા શબ્દોમાં આલોચના કરી છે. પોલીસ સાથેની અથડામણ દરમિયાન કેટલાક લોકો સંસદમાં ઘૂસવામાં સફળ રહ્યા હતા, જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાંસદોને પોતાનું કામ છોડીને ભાગવું પડ્યું હતું, અને સેનેટના દરવાજા તુરંત બંધ કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ સમર્થકોએ હિંસા દરમિયાન કેમિકલનો પણ ઉપયોગ કર્યો છે, જેથી સંસદ ભવન પર કબજો કરી શકાય. જોકે, થોડીવારમાં જ મોટી સંખ્યામાં પોલીસકર્મીઓએ પહોંચીને ટોળાંને વિખેરી નાખ્યું હતું. ટોળાંએ કેપિટલ બિલ્ડિંગના બેરિકેટ્સને પણ તોડવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પોલીસને ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. સ્થિતિ સતત વણસતા વોશિંગ્ટનમાં કર્ફ્યુનું એલાન કરી દેવાયું હતું, પરંતુ તેમ છતાંય મોટી સંખ્યામાં લોકો કર્ફ્યુનો ભંગ કરી જાહેરમાં આવી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સંસદ પાસેથી બે પાઈપ બોમ્બ પણ મળી આવ્યા હતા.

આ દરમિયાન અમેરિકન સંસદે એરિઝોનામાં બિડેનની જીત પર ટ્રમ્પ દ્વારા ઉઠાવાયેલા વાંધાને ફગાવી દેવાયો છે, અને ચૂંટણીના પરિણામોને યથાવત રખાયા છે. કેપિટલ હિલમાં હિંસા બાદ મેનેલિયા ટ્રમ્પનાં ચીફ સ્ટાફ સ્ટીફની ગ્રીસમ, વ્હાઈટ હાઉસના વાઈસ પ્રેસ સેક્રેટરી સારા મેથ્યૂઝે રાજીનામું આપી દીધું છે. ૨૦૨૦માં થયેલી પ્રમુખ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની હાર થઈ હતી, પરંતુ તેમણે મત ગણતરીમાં ગેરરીતિ થઈ છે તેવું જણાવીને ચૂંટણીના પરિણામ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. ટ્રમ્પે પરિણામો વિરુદ્ધ કાયદાકીય લડાઈ પણ શરુ કરી હતી, પરંતુ તેમાં પોતાની તરફેણમાં ચુકાદો નહીં આવે તેવું જણાતા તેમના તેવર નરમ પડ્યા હતા. આખરે વ્હાઈટ હાઉસ ખાલી કરવા રાજી થયેલા ટ્રમ્પે બિડેનની શપથવિધિમાં હાજર ના રહેવા માટેની તૈયારીઓ શરુ કરતા પણ વિવાદ થયો હતો.